ઘરનાં સભ્યોનો સ્નેહ વૈદની દવા કરતાંય વધુ લાભદાયી છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૭ | ૧૦ નવેમ્બર, ૨૦૧૪, સોમવાર ; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મોદી કેબિનેટમાં ગુજરાતના વધુ બે પ્રધાનો

## કેન્દ્રીય કેબિનેટમાં ગુજરાતનો દબદબો : રાજકોટના મોહન કુંડારિયા અને બનાસકાંઠાના હરિભાઈ ચૌધરીને મોદી સરકારમાં સ્થાન, ભાજપના સુપ્રિમો પણ ગુજરાતના જ છે !!

ગાંધીનગર, તા. ૯

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં રાજયના વધુ બે સાંસદોનો સમાવેશ થતાં દિલ્હીમાં ગુજરાતનો પ્રભાવ વધ્યો છે. મોદી જ્યારે પ્રાઈમ મિનિસ્ટર બન્યા ત્યારે કેબિનેટમાં તેમના સહિત ગુજરાતના ચાર પ્રતિનિધિઓનો સમાવેશ થયો હતો, આજે મોદી સરકારના વિસ્તરણમાં બીજા બે પ્રતિનિધિને લેવામાં આવ્યા છે.

ગુજરાતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી એક ડઝન કરતાં વધુ ઓફિસરો મોદી સરકારના વહીવટીતંત્રમાં જોડાયા છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખનું પદ અમિત શાહ પાસે છે અને તે અમદાવાદ-ગુજરાતના છે. પાર્ટીમાં આ સુપ્રિમ પદ છે. એક તરફ સરકારમાં સુપ્રિમ છે અને બીજી તરફ સંગઠનમાં પણ અમિત શાહ છે. ગુજરાત ભાજપના એક નેતા વજુભાઈ વાળા કર્ણાટકના ગવર્નર બની ચુક્યા છે. ગુજરાતના પ્રભાવ દિલ્હી જ નહીં, સમગ્ર દેશમાં વધતો જાય છે.





પાંચ મહિના પહેલા મોદી કેબિનેટમાં ગુજરાતમાંથી રાજ્યસભામાં ગયેલા અરૂણ જેટલી અને સ્મૃતિ ઈરાનીની સાથે ભરૂચના સાંસદ મનસુખ વસાવાને કેબિનેટમાં લેવામાં આવ્યા હતા. એટલે કે પીએમ સહિત કુલ ચાર સભ્યો ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા હતા, રવિવારે બપોરે થયેલા કેબિનેટના વિસ્તરણમાં મોદીએ રાજકોટના સાંસદ મોહન કુંડારિયા તેમજ બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરીનો સમાવેશ કર્યો છે. મોદી કેબિનેટમાં હવે સૌરાષ્ટ્ર, મધ્ય-દક્ષિણ ગુજરાત તેમજ ઉત્તર ગુજરાતનું પ્રતિનિધિત્વ ઉભું થયું છે.

ગુજરાતના બન્ને સંસદસભ્યોને રાજયકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમના ખાતાની ફાળવણી આવતીકાલે થવાની છે. ભાજપની અટલ બિહારી વાજપેયીની એનડીએ સરકારમાં આ અગાઉ અમદાવાદના હરિન પાઠકનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જ્યારે દેશના ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણી પણ ગાંધીનગરના

● અનુસંધાન પાન-૭ પર

## હરિભાઈ બનાસકાંઠાના ત્રીજા સાંસદ કેન્દ્રીય મંત્રી મંડળમાં

ગાંધીનગર, તા. ૯

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાંથી ત્રીજા રાજકીય મહારથીનો કેન્દ્રીય મંત્રીમંડળમાં સમાવેશ થતાં સમગ્ર જિલ્લામાં આનંદ અને ઉત્સાહનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

બનાસકાંઠામાંથી અગાઉ ભૈરવદાન ગઢવી રાજ્યમંત્રી નાણાં તરીકે સેવાઓ આપી ચુક્યા છે. આ પછી સહકારી ક્ષેત્રના અગ્રણી તરીકે આગવી ઓળખ ઉભી કરનાર સ્વ. જે.વી. શાહ પણ કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન શોભાવી ચુક્યા છે. હવે આજ બેઠક પરથી ચૂંટાયેલા શ્રી હરિભાઈ ચૌધરીનો આજે મોદી મંત્રીમંડળમાં સમાવેશ થયો છે.

અગાઉ ઉત્તર ગુજરાતના જે આગેવાનો કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન શોભાવી ચુક્યા છે તેમાં મહેસાણાના ડૉ. એ.કે. પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાનો પણ સમાવેશ થાય છે.

# આજથી બે દિવસીય વિધાનસભા સત્ર

## કોંગ્રેસ આક્રમક ભૂમિકા અદા કરશે : બે દિવસીય સત્ર તોફાની બની રહેશે : અધ્યક્ષની ચૂંટણી સાથે વિધાનસભાનો સત્રારંભ થશે : બે દિવસના આ ટુંકા સત્રને વિપક્ષીનેતા આક્રમક મૂડ તોફાની બનાવશે



ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભાના બે દિવસીય સત્રનો આજે અધ્યક્ષની ચૂંટણી સાથે પ્રારંભ થશે. બરાબર ૧૨.૦૦ વાગે મળનાર આ સત્રમાં સૌ પ્રથમ અધ્યક્ષની ચૂંટણી હાથ ધરવામાં આવશે.

૧૩મી વિધાનસભાના ત્રીજા અધ્યક્ષ તરીકે શ્રી ગણપતભાઈ વસાવા આજે તેમનો આ નવો હોદ્દો સંભાળશે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તેમના નામનો પ્રસ્તાવ મુકશે અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તેનું સમર્થન કરી સર્વાનુમતે વસાવાની નિમણુંક કરવામાં આવશે. કાર્યકારી અધ્યક્ષ શ્રી મંગુભાઈ પટેલ તેમને વિજેતા જાહેર કરે તે પછી મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા શ્રી વાસાવાને અધ્યક્ષપદની ખુરશી સુધી દોરી જશે.

અત્યંત સાદગીપૂર્ણ છતાં દબદબાભરી રીતે તેઓ અધ્યક્ષપદને સંભાળશે. આ પછી તેમની નિમણુંકને વધાવવામાં આવશે.

અધ્યક્ષની ચૂંટણી પછી તરત

● અનુસંધાન પાન-૭ પર






સુવર્ણ જયંતિ - સેવાદળ પ્રેરિત - આપણું મંડળ સુવર્ણ જયંતિ મહોત્સવ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના સાનિધ્યમાં સાદગીપૂર્ણ છતાં નોંધનીય રીતે ઉજવાયો... સુઘડ સફાઈ વિદ્યાલય ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન સફાઈ વિદ્યાલયમાં વિવિધ પ્રકારના તૈયાર કરાયેલા શૌચાલયોનું નિરીક્ષણ પણ રાજ્યપાલશ્રી ખૂબ જ ઝીણવટપૂર્વક કર્યું હતું. સુવર્ણ જયંતિ પ્રસંગે મંડળના પદાધિકારીઓ તથા સંનિષ્ઠ કાર્યકર્તાઓનું અભિવાદન કરાયું હતું. (તસવીર : દિપક જાની)

# સચિવાલય વિધાનસભા સંકુલ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્ત

## વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવશે અને મુલાકાતીઓના પાસ તેમજ આઈ. કાર્ડની ચકાસણી કરવામાં આવ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

વિધાનસભાના સત્રાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો હોઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સચિવાલય અને વિધાનસભા સંકુલ ખાતે સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલય સંકુલ ખાતે તમામ પ્રવેશ દ્વારો પર એક પી.એસ.આઈ. અને પાંચ કોન્સ્ટેબલોને ફરજ ઉપર તૈનાત કરવામાં આવશે અને સચિવાલયમાં પ્રવેશતા તમામ વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવશે અને મુલાકાતીઓના પાસ તેમજ આઈ. કાર્ડની ચકાસણી કરવામાં આવ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે. સચિવાલયના પ્રવેશ દ્વારો ઉપરાંત વિધાનસભા સંકુલ ખાતે પણ સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# શહેરમાં મેલેરિયા-ડેન્ગ્યુના કેસો નોંધાયા

## વાહકજન્ય રોગચાળાએ જતી સિઝનના અંતિમ તબક્કામાં માથુ ઉંચકતુ તંત્ર ચિંતાતુર બન્યુ છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં દિપાવલી પર્વ પછી વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતાં તંત્ર ચિંતાતુર બની જવા પામ્યું છે. છેલ્લા એક માસમાં જ મેલેરીયાના ૪૦ થી વધુ કેસો નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ પણ ૩૦ જેટલા નોંધાયા છે. જો કે ડેન્ગ્યુ પોઝીટીવનો આંક બે આંકડાથી નીચે હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે હવામાનની પ્રતિકૂળતાઓ વચ્ચે વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. જો કે તંત્ર એક વાતનો સંતોષ લઈ રહ્યું છે કે ગત વર્ષની તુલનામાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે તો ડેન્ગ્યુના કેસો પણ ઘટ્યા છે. જો કે અત્યારે જે રીતે ઉછાળો આવ્યો છે તે ચિંતાજનક છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ ડેન્ગ્યુના શંકાસ્પદ ૩૦ જેટલા કેસ નોંધાયા છે. જો કે આ

● અનુસંધાન પાન-૭ પર








